# કોશિશ થી કામયાબી

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ એપ્રિલ - ૨૦૧૯, અંક નં. ૭૬/૪૭૨




કેન્દ્રિય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાનીનું સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહના હસ્તે બહુમાન



તિલકમલના શ્રી વામનભાઈ પારેખને
The Economic Times Polymers Awards-2019 (Excellence in Plastics) Lifetime Achievement Award



પી.એન.આર. હૉસ્પિટલમાં દાતાઓના હસ્તે હૃદયરોગ અંગેનો કેમ્પ સંપન્ન



સી.પી. સેન્ટર ખાતે યોજાયેલ એસેસમેન્ટ કેમ્પ




શ્રી ડી. કે. અજમેરા ફેમિલી-મુંબઈ તરફથી શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળાને માતબર દાન તેઓનું સન્માન કરતા શ્રી અનંત એ. શાહ

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2019-21◆ Monthly
Date of Publication : 15 April - 2019 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળાના બાળકો દ્વારા યશવંતરાય નાટ્યગૃહમાં યોજાયેલ "કેકારવ" નામે સાંસ્કૃતિક કાર્યક્રમ




શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળાના બાળકો દ્વારા તા. ૧ માર્ચને સાંજે ૪ વાગે, યશવંતરાય નાટ્યગૃહમાં "કેકારવ" નામે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયેલ. આ વાર્ષિકોત્સવમાં આશરે ૨૦૦ બાળકોએ ભાગ લીધેલ. બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ જેવી કે પ્રાર્થનાનૃત્ય, દેશભકિત નૃત્ય, સસલા - અભિનય, રંગદરબાર, રાસ, બોલીવુડ ડાન્સ, રાજસ્થાની નૃત્ય, યોગા પ્રદર્શન, ફેશન શો, સર્કસ જેવી વિભિન્ન કૃતિઓની રજૂઆત કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરેલ. સુંદર અભિવ્યકિતથી ખૂશ થઈ, અગ્રણી ઉદ્યોગપતિ અને દાતાશ્રી બુધાભાઈ પટેલે દરેક બાળકને રૂા. ૫૦૦ની રકમ આપી પ્રોત્સાહિત કરેલ.

આ કાર્યક્રમની તૈયારી માટે શાળાના તમામ કર્મચારીગણ અને મંત્રીશ્રીએ જહેમત ઉઠાવેલ. આ કાર્યક્રમમાં માનવંતા મહેમાન શ્રી વિનુભાઈ મોદી, શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈ (આઈસલેન્ડ) તથા અન્ય મહેમાનો, પ્રમુખશ્રી, મંત્રીશ્રી તથા કમિટી મેમ્બર્સના હસ્તે, દીપપ્રાગટય કરવામાં આવેલ.

ખૂબજ સફળ થયેલાં આ કાર્યક્રમમાં શ્રોતાઓએ તાળીઓ પાડી બાળ કલાકારોને બિરદાવ્યાં, તે માટે સંસ્થા પરિવારે આનંદની લાગણી અનુભવેલ. આ કાર્યક્રમ અનોખો કહી શકાય, કારણ કે સમગ્ર કાર્યક્રમમાં સ્ટેજ ઉપર માત્ર બાળકો જ ફોકસ થયાં હતાં. કોઈ ઉદ્‌બોધનો કે લાંબુ સંચાલન ન રાખીને, ફકત બાળકોને જ પૂરેપૂરો સમય અપાયો હતો. સમગ્ર કાર્યક્રમ બાળકો માટે, બાળકો થકી અને બાળકોને સમર્પિત હતો.






# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- બધિરોનો 'કેકારવ' સાંસ્કૃતિક કાર્યક્રમ. ૦૨
- INDEX . . . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE . . . . . . ૦૪
- કેસ સ્ટડી - એક માતાનો પત્ર . . . . . ૦૫
- એકેડેમીક કાઉન્સિલ મિટીંગ . . . . . . ૦૫
- શ્રી વામનભાઈ પારેખને મળેલ એવોર્ડ . ૦૬
- વિદ્યાર્થીઓને પેન્ટ-શર્ટની ભેટ . . . . . ૦૬
- પાર્કિન્સન્સના દર્દીઓનો પ્રવાસ . . . . ૦૬
- બે.મૂં. શાળામાં દાનની સરવાણી. . . . ૦૭
- શાળાની દિકરી હિરલ બારૈયાની સિદ્ધિ ૦૭
- સંક્ષિપ્ત સમાચાર-PNR સોસાયટી-
  P.D. ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર. . . ૦૮
- હૃદયરોગ અંગેનો કેમ્પ . . . . . . . . . ૦૯
- સંક્ષિપ્ત સમાચાર-Hightech શાળા . . ૧૦
- સંક્ષિપ્ત સમાચાર-C.P. શાળા . . . . . ૧૧
- તળાજા-મહુવા રિસોર્સ સેન્ટરમાં
  હોળી-ધૂળેટીની ઉજવણી. . . . . . . . ૧૨
- સી.પી.શાળાની રમત-ગમત ક્ષેત્રે સિદ્ધિ ૧૩
- સન્માનના અધિકારી . . . . . . . . . . ૧૩
- દિવ્યાંગ જીવનસાથી પસંદગી મેળો . . ૧૩
- સંક્ષિપ્ત સમાચાર-PNR હૉસ્પિટલ. . . ૧૪
- હૃદયરોગ અંગે વાર્તાલાપ . . . . . . . ૧૪
- સંક્ષિપ્ત સમાચાર-A.T. & T. ટેક. પાર્ક . ૧૫
- અન્ય સંસ્થા સમાચાર . . . . . . . . . ૧૫
- સંક્ષિપ્ત સમાચાર-બહેરાંમૂંગા શાળા . . ૧૬
- સંક્ષિપ્ત સમાચાર-KLID છાત્રાલય . . ૧૮
- સંક્ષિપ્ત સમાચાર-CMP છાત્રાલય . . ૧૯
- એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક
  કોર્પસ ફંડના દાતાશ્રીઓ. . . . . . . . ૧૯
- સંક્ષિપ્ત સમાચાર-'અંકુર' શાળા . . . . ૨૦
- અંકુર શાળાની ખેલ-કૂદ ક્ષેત્રે સિદ્ધિ. . . ૨૧
- અમો ઋણી છીએ દાતાઓના . . . . . ૨૨
- સી.પી. શાળાનો 'સફર... સફળતાની'
  સાંસ્કૃતિક કાર્યક્રમ . . . . . . . . . . . ૨૩


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

# વિકલાંગતા અને સિદ્ધિ

જે નબળાઈ બીજા બધામાં ન હોય, પણ પોતાનામાં જ છે, એનો અહેસાસ દિવ્યાંગો માટે પિડાજનક છે. બાળપણથી બીજાની નજરમાં દયા જગાડતી, સામાન્ય કામકાજમાં બીજા કરતાં પાછળ રહેવાનું અનુભવાતી, અને સતત આ હીનતાગ્રંથીથી પિડાતા રહેવાનું. પણ કહેવાય છે કે સમય દરેક બીમારીની દવા છે. શારીરિક અક્ષમતા સાથે સમય જતાં સમાયોજન સાધી લેવાય છે. બીજાઓ, થોડાં-ઘણાં પણ પોતા જેવા છે તે જોઈ, શાંતિ થાય છે, તેઓના સંગાથે રાહત રહે છે અને તેઓની સાથે સંબંધ ઘનિષ્ટ થાય છે.

આજે વિકસતા સમાજમાં દિવ્યાંગોની સ્થિતિ સુધરી છે. રાષ્ટ્ર, સમાજ, પરિવાર અને શિક્ષણક્ષેત્ર હવે દિવ્યાંગોના મિત્રો છે. સમાજસેવી સંસ્થાઓના પ્રયત્નો, દિવ્યાંગોના જીવનના બધાંજ પાસાઓના વિકાસમાં કાર્યરત છે, શૈક્ષણિક, આર્થિક, સામાજિક વિકાસને લીધે, દિવ્યાંગોને એક આશાનું કિરણ મળ્યું છે. એક ઈન્દ્રિયની અવરૂધ્ધ શકિતઓનો વિકાસ, અન્ય ઈન્દ્રિયો દ્વારા શ્રેષ્ઠ રીતે કરી, પ્રસિધ્ધિ, કીર્તિ, ધન પણ કમાઈ શકાય છે. દિવ્યાંગોએ આ બધા ક્ષેત્રોમાં મેળવેલી સિધ્ધિઓના સ્ટડી કેસ કે ઉદાહરણો; અખબારો, ટી.વી. ઉપર, જે પર્સનાલિટી ડેવલપમેન્ટના ક્ષેત્રોમાં સમધારણ લોકોને પણ પ્રેરણા મળે, તે રીતે પ્રસ્તુત થાય છે. અને તે દિવ્યાંગો માટે ગૌરવની વાત છે.

આ માટેનું ઝનુન, વિકાસની ધગશ બની અદ્ભૂત પરિણામ લાવે છે. બૌધ્ધિક, સામાજિક, રમતગમત ક્ષેત્રે દિવ્યાંગોના અનેક મોટિવેશનલ વિડિયો અને સકસેસ સ્ટોરીઝ ઉપલબ્ધ છે. 'ઈન્કલુઝન' માટે પણ આ શુભ સંકેત છે. સમધારણ બાળકો પણ, દિવ્યાંગોની સિધ્ધિઓ નિહાળી, તેઓની ખોટ-ખોડ જોવાને બદલે, ખૂબી જોશે. અને કુદરતે સર્વાંગ બનાવ્યાં તે માટે ધન્યતા અનુભવી, દિવ્યાંગ જેવું કરી બતાવવાની આગ, જોમ, જોશ સ્વયંની અંદર પેદા કરશે. સમધારણ અને દિવ્યાંગ વ્યકિતઓ સમાન ઊર્જાના આવિર્ભાવ છે, બંને ઉત્સવ છે. ઘણાં દિવ્યાંગો પોતાની ઊર્જાને સાચી દિશા આપી, વિધાયક માર્ગ લઈ, સકારાત્મક ક્રિયા તરફ વળ્યા છે ત્યારે, સ્વયંને અને સમાજને લાભાન્વિત કર્યા છે.

**✍ કિરીટ રાઠોડ**

**Science and technology revolutionise our lives, but memory, tradition and myth frame our response.**

**- Arthure M. Schlesinger**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2019-21, Monthly
- **અંક નં. : ૭૬/૪૪૨**
  **૧૫ એપ્રિલ - ૨૦૧૯**
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail** : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us** : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  અંબા ઑફસેટ, ગાંધીનગર.
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦
- ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **વૈશાલી યોગી**
  **નેહલ ત્રિવેદી**
  **પ્રજ્ઞા પંડ્યા**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| કવાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE



K. D. PADIA

### ◈ KLID Delivers National Champion of the Deaf

Miss Hiral Baraiya, a student of the K. L. Institute for the Deaf, Bhavnagar (KLID), bagged two gold medals one each in 100m and 600m in the National Level running competition held at Chennai. She was felicitated not only in alma mater KLID, but at Malanka, her native village. 'Kaikarav', a prestigious cultural event presenting prayer dance, patriotic dance, raas, hare acting, bollywood dance and above all Rang Darbar was organised by KLID in which 200 deaf students actively participated. Spectators were highly impressed and happy to realise the fact that deafness didn't prevent these students from competing with typical students. One of the spectators, Shri Budhabhai Patel, a leading industrialist and an elite donor of Bhavnagar, awarded Rs. 500/- to each student-participant.

### ◈ PDDPC Excels

A total number of 875 girls were administered Rubella Vaccine during Feb.-March, 2019 by the team of Pravinchandra Dalal Disability Prevention Center (PDDPC). Under Deafness-Blindness prevention, the PDDPC team examined 45605 school-going children for ear and eye problems. Children with eye problems (811) and ear problems (898) were referred to the PNR Special Hospital for treatment and surgery. A total number of 18 ear-surgeries were accomplished with success. Plastic surgeries were rendered to 23 children (Cleftlip-9, Cleft-palate-5, hypospadia-4 and post-burn-5). Besides, 15 eye surgeries of children and cataract surgeries of 327 patients were successfully undertaken.

### ◈ Nataraj C. P. School Marches Ahead

Participation by students of the Nataraj Special School for Children with Cerebral Palsy in the Science Fair organised by Krishnakunvarba Vidyalaya at Chitra village and bagging first prize by its student Keval Solanki in the Special Category, organisation of Assessment Camp and Annual Day Celebrations have been hall-marks of the school.

### ◈ AT&T Park Takes Lead

Two educative seminars one each at AT&T Technology Park, Bhavnagar and at Sihor, a taluka headquarter of the Bhavnagar district were organised. Disable youths of the order of 320 have been the beneficiaries. They were supplied with information on government-run skill development programmes besides facilities such as employment exchange, registration, opportunities, information, etc. being extended by AT&T Technology Park.

### ◈ Other Activities

Hi-tech Inclusive School and Ankur Special School for Mentally Retarded Children, continued their activities with vigour. The B. K. Parekh Parkinson's Support Group run by PNR Society organized a tour of Parkinson's Patients at Rohishala, a nearby place to keep them in good humour.



કેસ સ્ટડી

# એક માતાનો પત્ર

✍ **કીર્તિબેન હસમુખભાઇ ગોટેચા** (મુ. ચોરવાડ)



ઘણાં સમય પછી આજે પેન હાથમાં લીધી છે, ઘણું બધું લખવું છે, પણ શું લખવું ? અને શું ન લખવું ? તેની ખબર નથી. મારું પ્રથમ બાળક રિધમ. જેની શ્રવણક્ષતિની તેના જન્મ પછી ઘણાં સમયે મને ખબર પડી. તે જાણ્યાં પછી મારા પર વજ્રઘાત થયો, કંઈ જ રસ્તો દેખાતો ન હતો, મનમાં ખૂબ ગૂંચવણ, જાણે મારું જીવન છીનવાઈ ગયું હોય તેટલું દુઃખ. આ નાનકડું બાળક ન કંઈ બોલે, ન કંઈ સાંભળે. તેને આટલી મોટી દુનિયામાં આગળ કેમ લઈ આવીશ? બસ સતત આ જ મથામણ ચાલ્યાં કરે.



એ સમય દરમિયાન એક દિવસ ન્યુઝપેપરમાં પ્રજ્ઞાબહેન પંડયાની દીકરી ફોરમ વિશેનો લેખ **'નાયગ્રાના ધોધ કરતાં પણ માતૃત્વનો ધોધ વિશાળ હોય છે'** વાંચ્યો. આ લેખ વાંચીને મને પણ રિધમ માટે કંઈક કરી છૂટવાની ભાવના જાગી, મનમાં એક આશા બંધાઈ અને હું ભાવનગર શ્રી ખી. લ. બહેરાંઓની શાળામાં આવી. ત્યાં પ્રજ્ઞાબહેન, આચાર્યશ્રી ચેતનાબેન કોઠારી તથા શિક્ષકોને મળી અને તરતજ મારા અંતરાત્મામાંથી અવાજ આવ્યો કે, **"મારું લક્ષ્ય મને મળી ગયું."**

ત્યારબાદ શાળામાં ચાલતાં મધર ટ્રેનિંગ પ્રોગ્રામમાં એડમિશન લીધું અને રિધમને શાળામાં દાખલ કર્યો. પછી તો જાણે હું ખીલી ઉઠી. શાળાના તમામ શિક્ષકોનો મને સહકાર મળ્યો, સર્વશ્રી પ્રજ્ઞાબેન, ચેતનાબેન, હર્ષાબેન, ચંદ્રિકાબેન... ટૂંકમાં કહું તો બધાંજ શિક્ષકોનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. મારા બાળકના ભાષા અને વાણીના વિકાસ માટે અહીં ખૂબજ માર્ગદર્શન મળ્યું. શાળામાં ભાષા-વાણી વિકાસના પ્રત્યક્ષ અનુભવો કર્યા અને તે પ્રમાણે મારા બાળકને અભ્યાસ કરાવતી ગઈ. ત્રણ-ચાર મહિનામાં તો રિધમ બે-બે અક્ષરના શબ્દોનું ઉચ્ચારણ કરવા લાગ્યો. સાથે પ્રજ્ઞાબેન પંડયાને ત્યાં તે સ્પીચ શીખવા જતો અને તેનાથી તેની સ્પીચની ઝડપથી આવવા લાગી.

અત્યારે રિધમ બધું જ બોલે છે. એક પણ સાઈન નથી કરતો. ૮૦% લોકો તેની સ્પીચ સમજી શકે છે, હાલ તે ધો. ૬ માં સાંભળતા સામાન્ય બાળકોની સાથે તે ભણે છે. તેને બાઈક ચલાવતા પણ આવડે છે, સાત વર્ષ પહેલાંના રિધમ અને અત્યારના રિધમમાં જમીન-આસમાનનો ફરક છે મારા જીવનની અમાસ આજે પૂનમમાં ફેરવાઈ ગઈ છે. આજે રિધમ મારો સહારો બની ગયો છે. મારા શ્રવણમંદ બાળકના વિકાસ માટે હું શ્રી પ્રજ્ઞાબેન તથા શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા-સંસ્થાનો હૃદયપૂર્વક આભાર માનું છું. અસ્તુ.

# નટરાજ કૉલેજ ખાતે એકેડેમીક કાઉન્સિલ મિટીંગ

પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ કોલેજમાં કાર્યરત વિવિધ અભ્યાસક્રમોના સંચાલન માટેની એકેડમીક કાઉન્સિલ મિટીગનું આયોજન તા. ૬-૨ ના રોજ બપોરે ૧૨ કલાકે, નટરાજ કોન્ફરન્સ હોલ ખાતે યોજાયેલ. જેમાં શ્રી મફતભાઈ શાહ, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી ધીરૂભાઈ ધંધુકિયા, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી કલ્પનાબેન ભટ્ટ, શ્રી જીજ્ઞાબેન સોલંકી, શ્રી રેશ્માબેન શાહ, શ્રી સંતોષભાઈ યાદવ, શ્રી વર્ષાબેન ચાવડા, શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલ તથા શ્રી રીનાબેન જાંબુચા ઉપસ્થિત રહેલ. જેમાં ગત મિટીંગના કાર્યને બહાલી આપી, નવા વર્ષ માટેના વિવિધ એજન્ડાઓની ચર્ચા કરી હતી.



# નિલકમલના શ્રી વામનભાઈ પારેખને
# The Economic Times Polymers Awards-2019 (Excellence in Plastics) Lifetime Achievement Award

નિલકમલના શ્રી વામનભાઈ પારેખને The Economic Times Polymers Awards-2019 (Excellence in Plastics) Lifetime Achievement Award થી સન્માનિત કરાયા, તે માટે શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળા સંસ્થા પરિવારે તેમને ખૂબ-ખૂબ અભિનંદન આપેલ. તેમજ નિલકમલ ફાઉન્ડેશન દ્વારા રેડક્રોસ દિવ્યાંગ બાળકોની શાળા-સેલવામસને બે સ્કૂલ બસ ભેટમાં આપેલ છે જે ખૂબજ ઉમદાકાર્ય કરેલ તે બદલ સંસ્થા તેમને અભિનંદન અને શુભેચ્છા સંદેશ પાઠવેલ છે.







## જીન્સ પેન્ટ અને શર્ટની ભેટ

શ્રીમતી મલ્લિકાબેન દેવેનભાઈ શેઠ (શેઠ બ્રધર્સ) દ્વારા, બહેરાં મૂંગા બાળકોની શાળાની દીકરીઓ, મંદબુધ્ધિની બહેનો અને અંધશાળાની અંધબહેનોને માટે રૂા. ૨ લાખની નવી ફેશનેબલ, રંગબેરંગી, સુંદર કૂર્તિઓનું વિતરણ કરેલ. આ તબકકે સંસ્થા પરિવારે તેમનો ખૂબ-ખૂબ આભાર માનેલ. તેમજ દાતા શ્રી હિરાભાઈ સાચાપરા તથા દાતા શ્રી મનોજસિંહ ગોહિલ તરફથી રૂા. ૨ લાખની કિંમતના જીન્સ પેન્ટ અને શર્ટ ધો. ૮ થી ધો. ૧૨ ના દરેક વિદ્યાર્થીને ભેટ મળેલ છે. આ બંને દાન માટે સંસ્થાના વેલ્ફેર ઓફિસર શ્રીમતી બિન્દીબેન ત્રિવેદીએ જહેમત લીધેલ.

## પાર્કિન્સન્સ દર્દીઓનો પ્રવાસ

પી.એન.આર. સોસાયટી, ભાવનગરમાં શ્રી બી.કે. પારેખ, પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રૂપ, ભાવનગર ચેપ્ટરમાં પાંચ વર્ષોથી પાર્કિન્સન્સ ડિસીઝ (કંપવાના વ્યાધિ) ના દર્દીઓ અઠવાડિયામાં બે વાર તજજ્ઞ ફિઝીયોથેરાપીસ્ટના માર્ગદર્શન નીચે કસરત કરી, અસાધ્ય બિમારીને સ્વિકારી, આનંદ - પ્રમોદમાં રહેવાનો મહાવરો કરે છે. પીડિલાઈટ-ઈન્ડસ્ટ્રીઝ - મુંબઈના સૌજન્યથી, આ વર્ષે પણ સૌરાષ્ટ્રના રોહીશાળા મુકામે, તા. ૩૦-૩-૨૦૧૯ ના રોજ પ્રવાસનો લાભ લીધેલ હતો. સિનીયર સિટીઝનનો રંગીન મીજાજ તેમણે પ્રસ્તુત કરેલ અને પોતાની આઈટમો દ્વારા રજૂ થયેલ.

# શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળામાં દાનની સરવાણી

## શ્રીમતી કોકીલાબેન અશોકભાઈ મોદી તરફથી રૂા. ૮ લાખ ૩૨ હજારની તથા શ્રી ડી. કે. અજમેરા ફેમિલી તરફથી રૂા. ૨ લાખ ૫૦ હજારના દાનની સરવાણી

સ્વ. શ્રી અશોકભાઈ બ્રીજલાલ મોદીના સ્મરણાર્થે, શ્રીમતી કોકીલાબેન અશોકભાઈ મોદી - મુંબઈ તરફથી શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળાના કન્યા છાત્રાલયમાં દીકરીઓના ક્રિડાંગણ માટે રૂા. ૪ લાખ, તથા **કાયમી શિશુપાલક યોજના**માં ૨૦ બાળકોને સ્પોન્સર કરવા, તેમજ ભોજન તિથિ અને નાસ્તા તિથિ માટે કુલ મળીને રૂા. ૮ લાખ ૩૨ હજારનું માતબર દાન આપેલ છે, જેના માટે સંસ્થા પરિવાર તેમનો ખૂબ-ખૂબ આભાર વ્યકત કરે છે, કારણ કે તેમના આ દાનથી શ્રવણમંદ બાળકો શિક્ષણ સિવાયના સમયમાં રમી શકશે, આનંદ કરી શકશે. તેમજ કાયમી શિશુપાલક યોજના અંતર્ગત બાળકો, શિક્ષણમાં ઉપયોગી વસ્તુઓ મેળવી વધુ સારો અભ્યાસ કરી શકશે.

આ ઉપરાંત બાળકો શિક્ષણની સાથે-સાથે વિવિધ હસ્તકલાઓનો હુન્નર શીખી શકે તે માટેના કલાસ (વર્ગ) બનાવવા સ્વ. શ્રી મંગળાબેન કાંતિલાલ અજમેરાના




સ્મરણાર્થે શ્રી ડી. કે. અજમેરા ફેમિલી-મુંબઈ તરફથી રૂા. ૨ લાખ ૫૦ હજારનું માતબર દાન પ્રાપ્ત થયેલ છે તે બદલ સંસ્થા પરિવાર તેમનો ખૂબ-ખૂબ આભાર માને છે. આ બંને દાન માટે સંસ્થાના વેલ્ફેર ઓફિસર શ્રીમતી બિન્દીબેન ત્રિવેદીએ જહેમત ઉઠાવેલ.

# શાળાની દિકરી હિરલ બારૈયાની "નેશનલ ચેમ્પિયનશીપ ઓફ ધ ડેફ" ની સિધ્ધિ

શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળામાં ધો. ૪ માં ભણતી હિરલ બારૈયાએ દોડમાં ખૂબ સારું પ્રદર્શન કરી નેશનલ લેવલે સિધ્ધિ મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યુ છે. પોતાની દોડની સારી સ્પીડ અને ટેકનીકના કારણે તે આ રમતમાં ખૂબ આગળ નીકળી ગયેલી. હિરલ બારૈયા સૌ પ્રથમવાર ૨૦૧૮ની જિલ્લાકક્ષાની ખેલમહાકુંભની ૧૦૦ મી. દોડની સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી વિજેતા થયેલ. ત્યારબાદ ખેલમહાકુંભ ૨૦૧૮-૧૯ અમદાવાદ ખાતે ૧૦૦ મી. દોડમાં વિજેતા બનેલ અને નેશનલ લેવલે ચેન્નઈ ખાતે યોજાયેલ સ્પર્ધામાં ૧૦૦ મી. દોડમાં ગોલ્ડ મેડલ અને ૬૦૦ મી. દોડમાં ગોલ્ડ મેડલ મેળવી, "નેશનલ ચેમ્પિયનશીપ ઓફ ધ ડેફ", નું બિરૂદ મેળવી, અનેરી સફળતા મેળવી છે.

હિરલ બારૈયાએ મેળવેલી સિધ્ધિ માટે, તા. ૧૭-૨-૧૯ ને રવિવારે તેના ગામ માલણકામાં, તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. સંસ્થાના બીજા ૧૩ ખેલાડીઓનું પણ હિરલના વાલી અને ગામના લોકોએ ફૂલહારથી સ્વાગત અને અભિવાદન કર્યું. તેમજ હિરલને શણગારેલી બગીમાં



બેસાડી, ડી. જે. ના તાલે નાચી, ગામમાં યાત્રા કરાવેલ. છેલ્લે ગ્રામસભામાં હિરલની સિધ્ધિ વિશે માહિતી અપાય. આ કાર્યક્રમમાં શાળાના રમત શિક્ષકશ્રી સંદિપભાઈ ગોસ્વામી, ગૃહમાતા શ્રી સ્નેહાબેન, સંસ્થાના ઓ. એસ. શ્રી સૂર્યકાંતભાઈ ચાવડાનું પણ સ્વાગત કરવામાં આવેલ.



# સંક્ષિપ્ત સમાચાર

પારસ શાહ

## PNR - Pravinchandra Dalal Disability Prevention Centre



### ૧) રૂબેલા (નૂરબીબી) પ્રિવેન્શન :-



પી.એન.આર. સોસાયટી તથા ધ દલાલ ફેમેલી ફાઉન્ડેશન, યુ.એસ.એ. દ્વારા સંચાલિત **પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર**ના રૂબેલા પ્રિવેન્શન પ્રોજેકટના સ્પોન્સર ECHJAY Industries - Mumbai દ્વારા, વિકલાંગ બાળ જન્મ અટકાવ અભિયાન, રૂબેલા પ્રિવેન્શન પ્રોજેક્ટ, વર્ષ ૨૦૧૮-૧૯ના ફેબ્રુઆરી થી માર્ચ-૨૦૧૯ દરમ્યાન સુરેન્દ્રનગરની ભારત સેવક સમાજ ટ્રસ્ટ દ્વારા, રાજકોટની શ્રી આર.આર. પટેલ કોમર્સ એન્ડ આર્ટસ કોલેજમાં રૂબેલા રસીકરણ કેમ્પ રાખવામાં આવેલ. તેમાં **૭૦૦** બહેનોને રૂબેલાની અવેરનેસ આપેલ. તેમાંથ **૫૧૮** બહેનોને રસીકરણ કરવામાં આવેલ. રાણપુર અને ચુડાની હાઈસ્કૂલોમાં પણ **૩૬૦** રૂબેલાની અવેરનેસ આપી, કુલ **૧૩૬** બહેનોને રૂબેલા રસી આપવામાં આવેલ. સમરસ ગર્લ્સ હોસ્ટેલ, સમાજ કલ્યાણ અધિકારી શ્રી મધુબેન મકવાણાના સહયોગથી, **રૂબેલા કેમ્પ** કરવામાં આવેલ. તેમાં **૩૦૦** બહેનોને અવેરનેસ અને **૨૨૧** બહેનોને રૂબેલાની રસી આપવામાં આવેલ. આમકુલ **૮૭૫** બહેનોને રૂબેલાની રસી આપી, રક્ષિત કરી, વિકલાંગ બાળ જન્મ અટકાવ માટે ખુબજ અગત્યની કામગીરી કરવામાં આવેલ.

### ૨) ડેફનેસ - બ્લાઈન્ડનેસ :-

ફેબ્રુઆરી થી માર્ચ-૨૦૧૯ દરમ્યાન, પી.એન.આર. સોસાયટી, **પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર** અન્વયે, અંધત્વ અને બહેરાશ કાર્યક્રમ અંતર્ગત, ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકાની કેન્દ્રવર્તી શાળા તથા તેની પેટા શાળા તેમજ ભાવનગર શહેર નગર સંચાલિત પ્રાથમિક શાળાઓના બાળકોની આંખ અને કાનની તપાસ કરીને



**૪૫૬૦૫** બાળકોની તપાસ, ઈ-ચાર્ટ કરી, બાળકોની આંખ તપાસવામાં આવી હતી. તેમાંથી દૂરનું ન દેખાતું હોય તેવા બાળકોને, મેન્યુઅલ કીટ દ્વારા અલગ-અલગ લેન્સ દ્વારા પ્રોપર નંબર કાઢી આપવામાં આવ્યાં હતાં. તેમજ બાળકોનાં કાન ઓટોસ્કોપથી તપાસી, કાનમાં રસી આવતી હોય તેવા બાળકોનાં ફોર્મ ભરી, આગળની કાર્યવાહી કરવામાં આવી. આંખને લગતી તકલીફવાળા **૮૧૧** બાળકો તથા કાનને લગતી તકલીફવાળા **૮૯૮** બાળકો જેવા મળ્યાં હતાં. જેમાંથી આંખ ત્રાંસી હોય, પાંપણ ઢળેલી હોય, કપાયેલાં હોઠ કે તાળવામાં કાણું હોય તેવા તથા કાનના પડદામાં કાણું હોય તેવા બાળકોને અને ઓછું સંભળાતું હોય તેવા બાળકોને પી.એન.આર.હોસ્પિટલ ખાતે વધુ સારવાર તથા નિદાન અને ઓપરેશન માટે રીફર કરેલ. જેઓને સંસ્થા દ્વારા વિનામૂલ્યે જરૂરી સારવાર તથા વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવે છે. આ બે માસ દરમિયાન **૧૮** કાનનાં ઓપરેશન કરેલાં, તેમાં Tympanoplasty ના **૯** તથા Mastoidectomy ના **૯** ઓપરેશન, ડૉ.અશોક બારૈયા (ઈ.એન. ટી. સર્જન) દ્વારા સફળતાપૂર્વક કરી આપવામાં આવ્યા હતાં.

### 3) પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :-

ફેબ્રુઆરી થી માર્ચ - ૨૦૧૯ બે **પ્લાસ્ટિક સર્જરી કેમ્પ**નું આયોજન, **શ્રી જયંતભાઈ વાનાણી (બુધાભાઈ પટેલ) તથા શ્રી નટવરભાઈ મેઘજીભાઈ પટેલ, અમદાવાદ** ના સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં કુલ **૭૮** બાળકોને તપાસી તથા લેસર ટ્રીટમેન્ટ માટેના નિદાન કરી, કુલ **૨૩** બાળકોના ફ્રી ઓપરેશન કરી આપવામાં આવ્યાં છે. જેમાં **૯ કપાયેલાં હોઠના, ૫ તાળવામાં કાણાંના ૪** હાઈપોસ્પીડિયા, તેમજ **૫**

પોસ્ટ બર્ન ઓપરેશન, મુંબઈનાં ડૉ.નરેશ વાધવાએ કર્યા હતાં. તેમાં હેર રીમુવલ, સ્કાર,પીગમેન્ટેશન,ટેટુ રીમુવલ વિગેરેનાં દર્દીઓ આ અત્યાધુનિક યુનિટનો લાભ લઈ રહયાં છે. તેમજ કોસ્મેટિક સેન્ટરમાં હેર ટ્રાન્સપ્લાન્ટ માટે નિદાન, માર્ગદર્શન તથા રજીસ્ટ્રેશન માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ડૉ.નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા તથા ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટીક), પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી, સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## ૪) પેડિયાટ્રીક ઓપ્થેલ્મિક સેન્ટર

ફેબ્રુઆરી થી માર્ચ - ૨૦૧૯ દરમિયાન પી.એન.આર. સોસાયટી-પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર અન્વયે અંધત્વ - બહેરાશ કાર્યક્રમ અંતર્ગત પેડિયાટ્રીક ઓપ્થેલ્મિક કેમ્પનું આયોજન તા.૨૨-૨૩ ફેબ્રુઆરી તેમજ તા.૨૩-૨૪ માર્ચ એમ બે કેમ્પ કરવામાં આવ્યા હતા. તેમાં મુંબઈના જાણિતા ડૉ.જનક શાહ તથા ડૉ.પ્રિતી શાહ એ કુલ **૮૩** બાળકોને તપાસ કરી તેમાંથી કુલ **૧૫** બાળકોના વિવિધ પ્રકારનાં ઓપરેશન કરવામાં આવ્યાં હતાં. આ કેમ્પ ડૉ.જનક શાહ, ડૉ.પ્રિતી શાહ, ડૉ.નિરવ ધોળકિયા, ડૉ.મેહુલ મોદી, પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ તથા હોસ્પિટલ સ્ટાફની જહેમતથી સફળતાપૂર્વક કરવામાં આવ્યો હતો.

## ૫) મોતિયાનો નિદાન અને સારવાર કેમ્પ :-

ફેબ્રુઆરી થી માર્ચ - ૨૦૧૯ દરમ્યાન પી.એન.આર. હોસ્પિટલનાં **"શ્રીમતી જયાલક્ષ્મી વૃજલાલ મહેતા તથા શ્રી વૃજલાલ ઓધવજી મહેતા-અમરેલીવાળા"** આંખ વિભાગ દ્વારા, પી.એન.આર. હોસ્પિટલ ખાતે આંખને લગતી તકલીફવાળા **૧૨૮૮** દર્દીઓની આંખની તપાસ કરી મોતિયો, ઝામર, વેલ - પરવાળા અને ચશ્માની જરૂરિયાતવાળા દર્દીઓને, ચશ્માના નંબર કાઢી આપી સારવાર કરી આપવામાં આવી હતી. તપાસ કરેલ દર્દીઓમાંથી મોતિયાના ઓપરેશનની જરૂરિયાતવાળા **૨૧૭** દર્દીઓને નેત્રમણી મુકીને, વિનામુલ્યે મોતિયાના ઓપરેશન કરી આપવામાં આવેલ તથા **૧૧૦** દર્દીઓને રાહતદરે અમેરીકન ફોલ્ડેબલ લેન્સ મુકીને, મોતિયાના ઓપરેશન કરી આપવામાં આવ્યાં હતાં. તથા મોતિયાનું ઓપરેશન થઈ ગયા પછી, આંખમાં બાજી જતી છારીની તકલીફવાળા **૩૫** દર્દીઓને યાગ-લેસરની ટ્રીટમેન્ટ આપી, છારી દૂર કરી આપવાની સારવાર કરી આપવામાં આવેલ. આ બે માસ દરમ્યાન કુલ **૩૨૭** જરૂરિયાતમંદ દર્દીઓને વિનામુલ્યે તથા રાહત દરે મોતિયાના ઓપરેશન કરી આપવામાં આવેલ.



# હૃદયરોગ અંગેનો કેમ્પ સંપન્ન

ભાવનગરની પી.એન.આર. હોસ્પિટલનાં કોન્ફરન્સ હોલમાં તા. ૨૩-૩ ના રોજ, સ્વ. કેતનભાઈ શાહની સ્મૃતિ નિમિત્તે, કેતન મેમોરિયલ પારિવારીક ટ્રસ્ટ, પી.એન.આર. સોસાયટી અને ડો. રમેશભાઈ કાપિડયા સંચાલિત, યુનિવર્સલ હિલીંગ પ્રોગ્રામના સંયુકત ઉપક્રમે, **પ્રિવેન્શન અને ટ્રીટમેન્ટ ઓફ હાર્ટ એટેક**નો રાહત દરે કેમ્પનું ઉદઘાટન; દીપ પ્રાગટય દવારા ડો. ધવલભાઈ દોશી, (ડી.એમ. ગોલ્ડ મેડાલિસ્ટ), કલાબેન, વિમલભાઈ, સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈ, શ્રી ગિરિશભાઈ શાહ, શ્રી શશીભાઈ વાઘર વગેરેની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.

શ્રી ગિરિશભાઈ શાહે, સંસ્થાના વરિષ્ઠ કાર્યકર્તા અને વર્ષોથી પી.એન.આર. હોસ્પિટલમાં ચેરમેન તરીકે વહીવટી સેવા આપતા શ્રી મહાસુખભાઈ જકડિયાના સ્વ. પુત્ર કેતન સાથેના સંસ્મરણો વાગોળતાં, 'અન્યના દુઃખ પોતે અનુભવી



અને સંવેદના સાથે તરતજ મદદરૂપ થવાની તત્પરતાને યાદ કરી, ભાવાંજલિ આપી અને કહ્યું કે એમની ઉચ્ચભાવનાના ફળ-સ્વરૂપ અત્યારે આ કેમ્પમાં અનેકને સ્વાસ્થ્ય લાભ થશે.' પ્રજ્ઞાચક્ષુ બાળકોએ પ્રાર્થના રજૂ કરી હતી તથા કાર્યક્રમનું સંચાલન શ્રી પારસભાઈ શાહે કરેલ અને આભારવિધિ શ્રી મહાસુખભાઈ જકડિયા દ્વારા કરવામાં આવેલ. આ કેમ્પમાં કુલ 52 દર્દીઓએ લાભ લીધો.




# સંક્ષિપ્ત સમાચાર

ડૉ. ધીરુભાઈ ધંધુકિયા



## 'હાઈટેક' બાલમંદિર અને પ્રાયમરી સ્કૂલ

### કે. આર. દોશી કોલેજની મુલાકાત

તા- ૨૦-૨ ના રોજ, ધો-૬ થી ૧૧નાં બાળકોને, કે. આર. દોશી કોલેજની મુલાકાતે લઈ જવામાં આવેલ. ત્યાં વિદ્યાર્થીઓને સાપસીડી તથા વીડીયો ગેમ રમાડી હતી. વિવિધ પ્રયોગો પણ બતાવવામાં આવ્યાં હતા. આ ઉપરાંત બાળકોને કે.બી.સી ગેમ પણ રમાડવામાં આવી હતી.

### ગ્રીન ડે ની ઊજવણી

શાળામાં તા- ૨૦-૨ ના રોજ, બાલમંદિર થી ધો-૫ નાં વિદ્યાર્થીઓ દ્વારા **ગ્રીન ડે**ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાનાં દરેક વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ ગ્રીન કલરનાં કપડા પહેરીને આવ્યાં હતાં. સાથે-સાથે દરેક વિદ્યાર્થી અને શિક્ષકો નાસ્તામાં ગ્રીન કલરના સલાડ, ફ્રુટ લાવ્યાં હતાં. આમ તેઓએ વિશિષ્ટ ઉજવણી કરી હતી.

### વિજ્ઞાન નગરીની મુલાકાત




શાળા દ્વારા તા- ૨૦-૨ ના રોજ, vikram sarabhai space exhibition (Isro)ને નિહાળવા માટે, વિજ્ઞાનનગરીની મુલાકાતે ધો-૬ થી ૮નાં બાળકોને લઈ જવામાં આવ્યાં હતાં. ત્યાં બાળકોને ફિલ્મ દ્વારા અવકાશની માહિતી આપવામાં આવી હતી તથા અવકાશ વિજ્ઞાનને લગતા વિવિધ મોડેલો જોયા હતા.

### વિશ્વ માતૃભાષા દિવસની ઊજવણી



શાળામાં તા. ૨૧-૨ ના રોજ, **વિશ્વ માતૃભાષા દિવસ**ની ઊજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ધો-૬ થી ૧૧ ના બાળકોએ **માતૃભાષાનાં મહત્વ** વિશે સ્પીચ આપી હતી. તથા ધો-૬ થી ૧૧ ધોરણમાં **સુલેખન સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતુ.

### મહેમાનશ્રીની મુલાકાત

શાળામાં તા. ૮-૩ ના રોજ, દાતાશ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈ (આઈસલેન્ડ) શાળાની મુલાકાતે આવેલ. તેમણે શાળાનાં દરેક વર્ગોની મુલાકાત લીધી હતી. શાળાનાં શિક્ષક શ્રી દક્ષાબેન પંડ્યાએ, વર્ગમાં સ્માર્ટબોર્ડનો ઉપયોગ કઈ રીતે કરીએ છીએ અને ગુગલ ક્લાસરૂમ દ્વારા કઈ રીતે ઓનલાઈન એજ્યુકેશન આપીએ છીએ, તેની માહિતી આપી હતી.

### માટીકામ

શાળામાં તા. ૯-૩ ના રોજ, ધો-૧ થી ૫ નાં બાળકોએ પોતાની ભીતરમાં પડેલી શક્તિને માટીકામ દ્વારા બહાર લાવ્યાં હતાં. બાળકોએ માટીમાંથી નાના-નાના રમકડાંઓ , કાચબાઓ, શિવલીંગ વગેરે બનાવ્યાં હતાં. શાળાનાં શિક્ષક શ્રી દક્ષાબેન પંડ્યાએ બાળકોને ચકલી, ચુલો, વાસણો વગેરે બનાવતાં શીખવ્યું હતું.

**Gentlemen ,**

I visited your Institution for the first time in January 2019 and was happy to see the services you are giving to the community . Best wishes .

**- Vasantrai M. Gandhi**, New york gold, U.S.A.



# સંક્ષિપ્ત સમાચાર

✍ જીજ્ઞાબહેન શાહ



## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા

### શહીદોને શ્રધ્ધાંજલી



તા. ૮-૦૩ ના રોજ પી.એન.આર. સોસાયટીના ટ્રસ્ટીગણ, કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ દ્વારા પુલવામા આતંકી હુમલાના શહીદોને શ્રધ્ધાંજલી આપવા આવેલ. દરેકે બે મિનીટ મૌન રાખી તથા કેન્ડલ પ્રગટાવી શહીદોની આત્માની શાંતી માટે ભગવાનને પ્રાર્થના કરેલ.

### વિજ્ઞાનમેળો



તા. ૨-૦૩ ના રોજ કૃષ્ણકુંવરબા વિદ્યાલય, ચિત્રા ખાતે વિજ્ઞાનમેળાનું આયોજન કરવામાં આવેલ. જેમાં નટરાજ સી.પી. સ્કૂલના વિદ્યાર્થીઓને પોતાના વિજ્ઞાનના પ્રયોગોના મોડેલ રજૂ કરવા માટે ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું. જે માટે નટરાજ સી.પી. સ્કૂલના ધો-૧ થી ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા તેમની ક્ષમતા અનુસાર, વિજ્ઞાનના વિવિધ પ્રયોગોની શ્રેષ્ઠ કૃતિઓ રજૂ થઈ હતી. આ વિજ્ઞાન પ્રદર્શની જોવા માટે નિમંત્રિતો તથા ચિત્રા વિસ્તારની સમધારણ શાળાના વિદ્યાર્થીઓ તથા અન્ય બાળકો, પોતાના વાલીઓ સાથે આવેલ. આ પ્રદર્શનીમાં વિશિષ્ટ વિદ્યાર્થીઓની કેટેગરીમાં, સી.પી. શાળાના વિદ્યાર્થી સોલંકી કેવલે, પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધારેલ છે.

### સી.પી. સેન્ટર ખાતે, એસેસમેન્ટ કેમ્પ



તા. ૮-૦૩ ના રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત, સી.પી.સેન્ટર હોસ્પિટલ ખાતે, **એસેસમેન્ટ કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં ૨૨ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં સી.પી. સ્કૂલના ફિઝિયોથેરાપિસ્ટ ડો.કલ્પેશભાઈ દેસાઈ તથા ડો. શાહિનબેન મર્ચન્ટે બાળકોની તપાસ કરી હતી. સાથે-સાથે સ્પેશ્યલ એજયુકેટર ખેવનાબેન ઓઝા તથા રેશ્માબેન ભાવસારે બાળકોના એજયુકેશન અને સ્પીચ લેવલની તપાસ કરી હતી. આ કેમ્પનું સંકલન સેન્ટરના સ્પેશ્યલ એજયુકેટર જતીનભાઈ કોઠારી તથા નયનાબેન પરમારે કર્યુ હતું. આ કેમ્પના અંતે દરેક વાલીઓને ફિઝિયોથેરાપી, એજયુકેશન, સ્પીચ અંગેના મુંજવતા પ્રશ્નોનું તજજ્ઞો દ્વારા નિરાકરણ અને માર્ગદર્શન અપાયું હતું.

### વાર્ષિક ઉત્સવમાં સાંસ્કૃતિક કૃતિ



તા. ૦૯-૦૩ ના રોજ ખી.લ.બહેરા-મુંગા શાળાના **વાર્ષિક**

**ઉત્સવની** ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે યોજવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં નટરાજ સી.પી. સ્કુલના વિદ્યાર્થી દ્વારા, **'મુજે માફ કરના ઓ સાંઇ રામ'**ની હૃદયદ્રાવિક કૃતિ રજૂ કરવામાં આવી હતી.

## પુસ્તક વિમોચનમાં ગેસ્ટ આઇટમ



તા. ૧૯/૦૩ ના રોજ દક્ષિણામૂર્તિ બાલમંદિર ખાતે શ્રી ગિજુભાઈ બધેકા વિશેના **પુસ્તક વિમોચન** કાર્યક્રમનું આયોજન, અર્લિ ચાઈલ્ડ હૂડ એસોશિએશન તથા દક્ષિણામૂર્તિ દ્વારા કરવામાં આવેલ. જેમાં નટરાજ સી.પી. સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા સર્વ ધર્મ સમભાવની પ્રાર્થના, **'એક તૂં હી ભરોસા.... એક તૂં હી સહારા'**ની શ્રેષ્ઠ રજૂઆત કરવામાં આવી હતી. જે કૃતિને આમંત્રિત મહેમાનો તથા સર્વ શ્રોતાઓ દ્વારા આવકારવામાં આવેલ. આ કાર્યક્રમમાં **'વન્સ અપોન એ સ્ટોરી'** ના લેખિકા ડૉ.સ્વાતીબેન પોપટ દ્વારા વાલીઓ અને શિક્ષકો માટે બાલ શિક્ષણને લગતી રોચક માહિતી આપવામાં આવી હતી.

## મિટીંગ



ગુજરાત સ્ટેટ નોડલ એજન્સી, નેશનલ ટ્રસ્ટની તા. ૧૬/૩ ના રોજ, નેશનલ ટ્રસ્ટ રજીસ્ટર સંસ્થાની ગાંધીનગર ખાતે, મિટીંગ બોલાવવામાં આવેલ. જેમાં મુખ્ય મુદ્દા હતાં, **નિરામયા હેલ્થ પોલિસી, લિગલ ગાર્ડિયનશીપ** અને નેશનલ ટ્રસ્ટ દ્વારા ચાલતાં **વિવિધ પ્રોજેક્ટનું માર્ગદર્શન** તથા તેના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. આ મિટીંગમાં સંસ્થાના નેશનલ ટ્રસ્ટ પ્રોજેકટના કો-ઓર્ડિનેટર શ્રી અમિતભાઈ મિત્રા હાજર રહેલ. આ મિટીંગમાં સમાજ સુરક્ષા ખાતાના અગ્રસચીવ શ્રી મનોજભાઈ અગ્રવાલ, નિયામકશ્રી એચ. એન. નાચિયાસાહેબ, નેશનલ ટ્રસ્ટના બોર્ડ મેમ્બર શ્રી પુજાબેન પટેલ તથા પરિવારના અધ્યક્ષ શ્રી બી. કે. ગૌતમસાહેબ તથા ગુજરાત રાજયના પૂર્વ ડિસેબિલિટી કમિશ્નર શ્રી ભાસ્કરભાઈ મહેતા ઉપસ્થિત રહેલ.

# તળાજા તથા મહુવા રિસોર્સ સેન્ટરમાં હોળી-ધૂળેટીની ઉજવણી તથા નિરામયા હેલ્થ પોલીસી વિષે માર્ગદર્શન

પી.એન.આર. સોસાયટી સંચાલિત, તળાજા તથા મહુવા રિસોર્સ સેન્ટર ખાતે, તા. ૧૯-૩ ના રોજ, મગજના લકવાગ્રસ્ત દિવ્યાંગ બાળકો દ્વારા **હોળી-ધૂળેટીની ઉજવણી** તથા **નિરામયા હેલ્થ પોલીસી** વિષે માર્ગદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બંને રિસોર્સ સેન્ટરના કાર્યક્રમમાં સંસ્થાના શ્રી નરેશભાઈ અજમેરા તથા શ્રી હિતેશભાઈ ઓઝા ઉપસ્થિત રહેલ. બાળકો સાથે હોળી-ધૂળેટીની ઉજવણી કરેલ તથા શ્રી હિતેશભાઈ ઓઝાએ વાલીઓને નિરામયા હેલ્થ પોલિસી વિષે માર્ગદર્શન પૂરું પાડેલ. બાળકોને કલર-પિચકારી-ફૂગ્ગાનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોને નાસ્તો આપવામાં આવેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી પંકજભાઈ



(સ્પેશિયલ એજયુકેટર, તળાજા રિસોર્સ સેન્ટર), તથા શ્રી સ્મિતાબેન (સ્પેશિયલ એજયુકેટર, મહુવા રિસોર્સ સેન્ટર) એ ભારે જહેમત ઉઠાવી હતી. તથા નાસ્તાના દાતાનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# નટરાજ સી.પી. સ્કૂલે, રમત-ગમત ક્ષેત્રે મેળવેલ સિધ્ધિ

**શ્રીમતી પી.એન.આર. સોસાયટી સંચાલિત, સેરેબ્રલ પાલ્સી (મગજનો લકવો) ધરાવતાં બાળકોના વિશિષ્ટ શિક્ષણ અને તાલિમ તથા સાર-સંભાળ માટેની સંસ્થા, જે ૨૦૧૧માં કાર્યરત થઈ છે, જેને ટૂંક સમયમાં જ ઘણી બધી સિધ્ધિઓ, તેમજ ખ્યાતિઓ પ્રાપ્ત કરી છે.**



**જેમાં ખેલ-કૂદ ક્ષેત્રે ઓછા સમયમાં ઘણી સિધ્ધિઓ મેળવી છે. તેમાં પણ શાળાના વિદ્યાર્થી શ્રી દર્શન રાઠોડે (બોચીની રમતમાં) પટના ખાતે, રાષ્ટ્રીય કક્ષાએ પહોંચી, શાળા તેમજ સંસ્થાનું ગૌરવ વધારેલ.**

**જેમાં જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન નીચે રમત-ગમત વિભાગના કોચ શ્રી કાર્તિકભાઈ વ્યાસે, તેમજ સમગ્ર સ્ટાફે ખૂબજ મહેનત કરેલ છે.**

- જિલ્લા કક્ષાએ વર્ષ ૨૦૧૪-૧૫માં, ૭૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં ૨ ગોલ્ડ, ૬ સિલ્વર, ૪ બ્રોન્ઝ મેડલ એમ કુલ મળીને ૧૨ મેડલ પ્રાપ્ત કરેલ તથા રૂા. ૩૬,૦૦૦/-નો રોકડ પુરસ્કાર પણ મેળવેલ.
- રાજય કક્ષાએ વર્ષ ૨૦૧૪-૧૫માં, ૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં ૩ સિલ્વર, ૧ બ્રોન્ઝ મેડલ એમ કુલ મળીને ૧૪ મેડલ પ્રાપ્ત કરેલ તથા રૂા. ૧૦,૦૦૦/-નો રોકડ પુરસ્કાર પણ મેળવેલ.
- રાષ્ટ્રિય કક્ષાએ વર્ષ ૨૦૧૪-૧૫માં, ૧ વિદ્યાર્થીએ ભાગ લીધેલ. જેમાં ૧ સિલ્વર પ્રાપ્ત કરેલ તથા રૂા. ૫,૦૦૦/-નો રોકડ પુરસ્કાર પણ મેળવેલ છે.
- **ફોનિક્સ સ્પોર્ટ્સ, મુંબઈમાં સેરેબ્રલ પાલ્સી બાળકોની એક માત્ર ટીમ હેન્ડબોલમાં સામેલ હતી.**

---

- જિલ્લા કક્ષાએ વર્ષ ૨૦૧૫-૧૬માં ૭૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં ૩ ગોલ્ડ, ૫ સિલ્વર, ૬ બ્રોન્ઝ મેડલ એમ કુલ મળીને ૧૪ મેડલ પ્રાપ્ત કરેલ તથા રૂા. ૪૮,૦૦૦/-નો રોકડ પુરસ્કાર પણ મેળવેલ.
- રાજય કક્ષાએ વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં ૨ ગોલ્ડ, ૪ સિલ્વર, ૪ બ્રોન્ઝ મેડલ એમ કુલ મળીને ૧૦ મેડલ પ્રાપ્ત કરેલ તથા રૂા. ૨૬,૦૦૦/-નો રોકડ પુરસ્કાર પણ મેળવેલ.
- રાષ્ટ્રિય કક્ષાએ વર્ષ ૨૦૧૫-૧૬માં ૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં ૧ ગોલ્ડ, ૧ સિલ્વર પ્રાપ્ત કરેલ. એમ કુલ મળીને ૨ મેડલ પ્રાપ્ત કરેલ તથા રૂા. ૮,૦૦૦/-નો રોકડ પુરસ્કાર પણ મેળવેલ.

---

- જિલ્લા કક્ષાએ વર્ષ ૨૦૧૬-૧૭માં ૭૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં ૪ ગોલ્ડ, ૬ સિલ્વર, ૬ બ્રોન્ઝ મેડલ એમ કુલ મળીને ૧૬ મેડલ પ્રાપ્ત કરેલ તથા રૂા. ૫૨,૦૦૦/-નો રોકડ પુરસ્કાર પણ મેળવેલ.
- રાજય કક્ષાએ ખેલ મહાકુંભ (હિંમતનગર) ખાતે, વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં ૨ સિલ્વર, ૧ બ્રોન્ઝ મેડલ એમ કુલ મળીને ૦૩ મેડલ પ્રાપ્ત કરેલ તથા રૂા. ૭,૦૦૦/-નો રોકડ પુરસ્કાર પણ મેળવેલ.

---

- જિલ્લા કક્ષાએ વર્ષ ૨૦૧૭-૧૮માં ૭૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં ૬ ગોલ્ડ, ૮ સિલ્વર, ૫ બ્રોન્ઝ મેડલ એમ કુલ મળીને ૧૯ મેડલ પ્રાપ્ત કરેલ તથા રૂા. ૫૫,૦૦૦/-નો રોકડ પુરસ્કાર પણ મેળવેલ.
- રાજય કક્ષાએ વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં ૧ ગોલ્ડ, ૧ સિલ્વર, મેડલ એમ કુલ મળીને ૦૨ મેડલ પ્રાપ્ત કરેલ તથા રૂા. ૮,૦૦૦/-નો રોકડ પુરસ્કાર પણ મેળવેલ.
- સેરેબ્રલ પાલ્સી સ્પોર્ટ્સ એસોસિએશન ઈન્ડિયા દ્વારા નડિયાદ ખાતે, રાષ્ટ્રિય કક્ષાએ ૨૦૧૭-૧૮માં ૧૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં ૫ ગોલ્ડ, ૩ સિલ્વર, ૫ બ્રોન્ઝ મેડલ એમ કુલ મળીને ૧૩ મેડલ પ્રાપ્ત કરેલ.

## સન્માનના અધિકારી

પી.એન.આર. સોસાયટીની સમાજ સેવામાં યોગદાન આપનાર સેવાભાવી મહાનુભાવ શ્રી વિનોદભાઈ દોશીને મહાવીર ઈન્ટરનેશનલના ૨૮માં આંતરરાષ્ટ્રિય અધિવેશન દિલ્હીના મહરૌલી સ્થિત, આધ્યાત્મ સાધના કેન્દ્રના એક કાર્યક્રમમાં વિશિષ્ટ સેવાઓ માટે સન્માનિત કરવામાં આવેલ. આ સિધ્ધિ બદલ સંસ્થા તેમને અભિનંદન આપે છે.

## દિવ્યાંગ જીવનસાથી પસંદગી મેળો

